RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૫ ● અંક : ૩ ● ૫ નવેમ્બર-૨૦૧૮ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦/- ● પાના - ૮

## મોતને માત આપી વિકલાંગતાનો પડકાર પાર કર્યો

આલેખન : મુંજાલ સોની

વાત છે જાંબાઝ મેજર ડી.પી. સિંહની. કારગિલ યુધ્ધ વખતે તબીબોએ મૃત જાહેર કર્યા હતા, પગ કાપવો પડ્યો ને આજે ચેમ્પિયન બ્લેડ રનર છે.

૧૯૯૯ની ૧૫મી જુલાઈએ કારગિલમાં શત્રુઓ સામે લડતાં મેજર દેવેન્દ્રપાલસિંહ ગંભીર રીતે ઘાયલ થયા. તોપનો એક ગોળો તો તેમની નજીક જ ફાટ્યો અને તેમને બેહોશ હાલતમાં નજીકની સેનાની હોસ્પિટલમાં લઈ જવાયાજ્યાં તબીબોએ તેમને મૃત ઘોષિત કર્યા. તેમને જ્યારે અંતિમવિધ્ માટે લઈ જવાની તૈયારી થતી હતી ત્યારે જ એક તબીબે જોયું તો તેમના શ્વાસોચ્છવાસ ચાલતા હતા. જાંબાઝ જવાનની નવેસરથી સારવાર શરૂ થઈ અને તેમના અમુક આંતરડાં ખૂલી ગયા હતા જે ને કાપવા સિવાય આરો નહોતો. તેમને બચાવવા માટે તેમનો એક પગ પણ કાપવો પડ્યો. સાવ બાજુમાં મોર્ટાર બોમ્બ વિસ્ફોટ થાય પછી બચવું લગભગ અશક્ય હોય છે પણ મેજર સિંહે મોતને માત આપી, પણ વાત આટલેથી અટકતી નથી તેઓ નવેસરથી જિંદગીનો જંગ પણ જીત્યા. એક પગ ગુમાવવા અને કેટલીય ગંભીર ઈજાઓમાંથી બહાર આવીને દેવેન્દ્રપાલ ભારતના સંભવતઃ પ્રથમ બ્લેડ રનર બન્યા અને તેમના નામે મેરેથોન રનિંગના બે વર્લ્ડ રેકોર્ડ છે. આજે પરીક્ષામાં ઓછા ગુણ આવે ને યુવાઓ સાવ હતાશ થઈ જાય છે. પ્રેમમાં નિષ્ફળતા મળે ને આભ તૂટી પડે છે ત્યારે તેમણે મેજરને યાદ કરવા જોઈએ. તેમણે માત્ર મોત સામે ઝઝૂમવાનું નહોતું. જિંદગી સામેય ઝઝુમવાનું હતું પણ મક્કમ મનોબળથી તેઓ બધી અડચણો પાર કરી ગયા.

કારગિલ યુધ્ધ બાદ ડી.પી.સિંહની હાલત તો ગંભીર જ હતી. પગ કાપવા છતાં ઘણા કોમ્પલીકેશન્સ હતા. બેથી વધુ વાર તેમનું પેટનું ઓપરેશન કરવું પડ્યું. બોમ્બના ટુકડાઓ તેમના શરીરમાં ઘૂસી ગયા હતા તેને નાના મોટા ઓપરેશનોથી બહાર કાઢવા પડ્યા અને હજીય કેટલાક ટુકડા તો શરીરમાં હોવાનું કહેવાય છે. પણ કહે છે ને કે જવાનો અલગ માટીના બનેલા હોય છે. મેજર પણ આ પૈકીના જ હતા. તેઓ કહે છે કે યુધ્ધમાં લડવું, ઘાયલ થવું, શહીદ થવું તો અમારા માટે ગૌરવની વાત છે. લગભગ એક વર્ષ સુધી મેજર હોસ્પિટલમાં રહ્યા અને મહિનાઓ સુધી કેટલીય જાતની સારવાર ચાલી. તેઓ કહે છે કે સારવાર બાદ મેં નક્કી કર્યું કે વિકલાંગતાને નબળાઈ ન ગણવી અને તેને એક પડકાર સમજીને આગળ વધવું. શરૂઆતમાં કાંખઘોડીથી ચાલવાનું શરૂ કર્યું અને પછી કૃત્રિમ પગ લગાવ્યો. ધીમે ધીમે તેઓ ચાલવાની સાથે દોડવા પણ લાગ્યા. રોજ સવારે ત્રણ વાગે ઊઠી જતા અને પ્રેક્ટિસ કરતા. અમુક મહિનાની પ્રેક્ટિસ બાદ તેઓ દોડની સ્પર્ધામાં બ્લેડ રનર તરીકે ભાગ લઈ શકે એવા સક્ષમ બન્યા. તેઓ મેરેથોન દોડમાં ભાગ લેવા લાગ્યા અને જેમ યુધ્ધના મેદાનમાં કમાલ કરી હતી તેમ દોડમાંય કમાલ કરવા લાગ્યા. આજે તેઓ ભારતના વિજેતા બ્લેડ રનર ગણાય છે અને પોતાના જીવનમાંથી અન્યોને પ્રેરણા મળે એ માટે મોટિવેશનલ પ્રવચનો પણ આપતા રહે છે. તેઓ કહે છે કે અમારા જેવા લોકોને ફિઝીકલી ચેલેન્જડ કહેવામાં કહેવામાં આવે છે પણ મને લાગે છે કે અમે ચેલેન્જર છીએ. ●

## રોજિંદી ભેટ

આલેખન : નિરંજન મહેતા

તમને ખબર છે કે તમારી પાસે એવું બેંક ખાતું છે જેમાં સવારે રૂા. ૬૪,૮૦૦ જમા થાય છે ? શરત એ કે તમારે તે રકમ તે જ દિવસે વાપરવી પડે કારણ ન વપરાયેલી રકમ મધરાતે રહેતી નથી અને તમારું ખાતું શૂન્ય થઈ જાય છે. હા, બીજે દિવસે ફરી આ શિરસ્તો ચાલુ રહે છે અને આ જ રકમ તમારા ખાતામાં જમા થાય છે. આમ હોય તો જરૂર તમે રોજેરોજ તે રકમ ઉપાડી લેશો અને વાપરશો અને તે પણ સારા કામમાં કારણ તે મને ભેટ સ્વરૂપે મળી છે. હા, જેટલી એ રકમ સારા કામમાં વાપરશો તેટલું તમારા માટે ફાયદાકારક છે.

તમને નવાઈ લાગશે કે આવી કઈ બેંક છે જેમાં મારું ખાતું છે અને રોજ આમ થાય છે ? શું ખરેખર આમ થાય છે અને મને તેની જાણ જ નથી ?

હા, ખરેખર આવી બેંક છે જેમાં તમારું ખાતું પણ છે અને તે છે સમય બેંક જે તમને એખ દિવસના સવારના છથી મધ્યરાત્રિ સુધીના ૧૮ કલાક એટલે કે ૬૪,૮૦૦ સેકન્ડ સારા કામ માટે ફાળવે છે. તેનો તમે કેવો અને કેટલો સદુપયોગ કરી શકો છો તે તમારા પર નિર્ભર છે. ન વપરાયેલો કે સારા કામમાં ન વપરાયેલી પળો તમારું નુકશાન છે કારણ ગુમાવેલો સમય પાછો નથી આવતો.

આવી સુંદર અમુલ્ય કુદરતી ભેટનો ઉપયોગ જે સારા કામમાં કરે છે અથવા ખરાબ કાર્યને અવગણે છે તેનાથી તંદુરસ્તી, આનંદ અને ઉન્નતિનો અહેસાસ કરે છે. આ દરેક વ્યક્તિ ઉપર નિર્ભર છે કે કેવી રીતે વધુને વધુ સમય સારા કામમાં વાપરશે જેથી તે વ્યક્તિ માટે તે લાભકર્તા બને.

નૂતન વર્ષના આ મંગલ પર્વે આપ આપને મળતી આ રોજિંદી ભેટનો મહત્તમ ઉપયોગ સદ્કાર્ય માટે કરી શકો અને તંદુરસ્તી, આનંદ અને ઉન્નતિને પામો તેવી મનોકામના. ●

**સર્વે વાંચકો, શુભેચ્છકો, વિજ્ઞાપન દાતાઓને**

**નૂતન વર્ષાભિનંદન સહ પ્રણામ**

*નવા વર્ષે પણ આપનો એ જ પ્રેમ, હૂંફ, સહયોગ આપવા વિનંતી છે.*

**- તંત્રીશ્રી**




# નૂતન વર્ષાભિનંદન

એપીએમસી ઊંઝાએ ઓજસને અવિરત આરાધ્યું છે;
સતત સામર્થ્યની સાધના કરી નૂતન શિખરો સર કર્યા છે.
એપીએમસીની આ ગૌરવગાથાને નવીન વર્ષે
પ્રકાશમય બનાવવાનું ગૌરવ અનુભવીએ...
આપનું નૂતન વર્ષ ફૂલોની જેમ મહેકી ઉઠે અને
દિપકની જેમ દૈદિપ્યમાન બને એવી અભ્યર્થના...
સ્નેહભર્યા નૂતનવર્ષાભિનંદન

APMC
UNJHA
Since 1954
AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

ગૌરાંગ પટેલ
ચેરમેન
તથા ડીરેક્ટર ગણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝ





શ્રી રમણભાઈ ડી. પટેલ
ચેરમેનશ્રી
ધારાસભ્યશ્રી, વિજાપુર

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિજાપુર

મુ.પો. વિજાપુર, જિ. મહેસાણા
ઓફિસ ફોન નં. ૨૨૦૦૦૧,૨૨૧૦૦૧
E-mail : apmcvijapur@gmail.com



શ્રી કનુભાઈ ડી. ચૌધરી
વા. ચેરમેનશ્રી

## નુતન વર્ષાભિનંદન

બજાર સમિતિ, વિજાપુર મુખ્ય માર્કેટ યાર્ડ તથા કુકરવાડા, ગોઝારિયા સબ માર્કેટ યાર્ડોમાં કપાસ તથા અનાજ તેલીબીયાનું ખરીદ-વેચાણ સારા પ્રમાણમાં થાય છે અને વિજાપુર તથા લાડોલ સબ માર્કેટ યાર્ડોમાં તમાકુનું ખરીદ-વેચાણની વ્યવસ્થા છે. વિજાપુર શાકભાજી સબ માર્કેટ યાર્ડમાં શાકભાજીનું ખરીદ-વેચાણ સારા પ્રમાણમાં થાય છે. વિજાપુર મુખ્ય યાર્ડ સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ.

**● સરકારશ્રી દ્વારા ટેકાના ભાવથી મગફળી ખરીદ-વેચાણ કેન્દ્ર કાર્યરત ●**

**સદસ્યશ્રીઓ**

પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ
પટેલ બાબુભાઈ સાંકાભાઈ
પટેલ રાજેન્દ્રકુમાર સાંકાભાઈ
પટેલ કમલેશભાઈ જીવણભાઈ
પટેલ રમેશભાઈ અંબાલાલ
પટેલ દેવેન્દ્રભાઈ સોમાભાઈ
પટેલ વિક્રમભાઈ રેવાભાઈ

પટેલ પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ
પટેલ મણીભાઈ ત્રિભોવનભાઈ
પટેલ સતિષભાઈ જયંતિભાઈ
પટેલ અશોકકુમાર ઈશ્વરભાઈ
પટેલ નરેન્દ્રકુમાર મફતલાલ
શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ, મહેસાણા
શ્રી જીલ્લા ખેતી અધિકારી, જિ. પં., મહેસાણા

**રમેશભાઈ એસ. પટેલ, સેક્રેટરીશ્રી તથા કર્મચારી ગણ**

**ઈમરજન્સી સેવાઓ**

ફાયર ફાઈટર
૯૪૨૯૧૯૭૬૫૧, ૨૨૦૧૯૦

એમ્બ્યુલન્સવાન
૯૪૨૯૧૯૭૬૫૨

## નુતન વર્ષાભિનંદન

# મહેસાણા જિલ્લા પંચાયત

## સામૂહિક, સાર્વત્રિક, સાતત્યપૂર્ણ સર્વાંગી વિકાસ

મહેસાણા જિલ્લાના તમામ નાગરિકોને જિલ્લા પંચાયત મહેસાણાની દિપાવલી તેમજ નૂતન વર્ષની હાર્દિક શુભકામના. સામાન્ય અને છેવાડાના નાગરિકોની આરોગ્ય વિષયક, ખેતી વિષયક, પોષણક્ષમ આહાર, શૈક્ષણિક બાબતો, રોડ રસ્તા, સિંચાઈ, પંચાયત, વિકાસ, સમાજ કલ્યાણ, પશુપાલન અંગે સર્વાંગી વિકાસને લગતી પાયાની જરૂરિયાત માટે જિલ્લા પંચાયતના તમામ કર્મચારીઓ / પદાધિકારીઓ સતત કર્મશીલતાથી કટિબદ્ધતાની બાંહેધરી આપે છે.

**- જિલ્લા પંચાયત, મહેસાણા**

*સર્વે સ્નેહીજનો, વેપારી બંધુઓ, ખેડૂત બંધુઓને નવું વર્ષ જીવનમાં સુખના રંગ લાવે તથા પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...*



નૂતન વર્ષાભિનંદન

**પટેલ અમૃતભાઈ રામાભાઈ**

**અનુપમ નર્સરી**

અમારે ત્યાં ટામેટી, મરચાં, ફુલાવર, કોબી, રીંગણ, વરિયાળી તથા તમાકુનો ધરૂ ગેરંટીથી વેચાણ મળશે.

**ઓર્ડર તથા એડવાન્સ બુકીંગ માટે મળો**

સ્થળ :- માઢી- સુંદરપુર રોડ, મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, મો.નં. : ૯૭૨૩૮ ૭૧૮૧૦, ૯૪૨૮૪૦૬૬૫૦

*સર્વે સ્નેહીજનો, વેપારી બંધુઓ, ગ્રાહક બંધુઓને નવું વર્ષ જીવનમાં સુખના રંગ લાવે તથા પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...*

**નૂતન વર્ષાભિનંદન**



**પટેલ નારણભાઈ જીવણદાસ (માઢીવાળા)**

રેતી, કપચી, ગ્રીટ, સિમેન્ટના જથ્થાબંધ વહેપારી

**ફર્મ : હરસિદ્ધ ટ્રેડર્સ, ઉમા ટ્રાન્સપોર્ટ**

સ્થળ :- ૧૫, કેશવપ્લાઝા કોમ્પલેક્ષ, આસ્થા પેટ્રોલ પંપ પાસે, હાઈવે, વિજાપુર-૩૮૨૮૭૦, જિ. મહેસાણા

મો.નં. : ૯૪૨૬૮ ૩૭૨૬૦, ૯૭૨૭૭ ૭૩૫૧૯




પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને "વિકલાંગ મિત્ર"ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. એક અંકના સ્પોન્સરની રકમ રૂા. ૨૦૦૦/- છે. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર- Viklang Mitra"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, વિજાપુર શાખાના ખાતા નંબર **448201010032029**, **IFCS CODE- UBIN0544825, CUST.ID-14871011**માં જમા કરાવી આપનું નામ-સરનામું સાથે મોકલવા વિનંતી છે. **PAN CARD - AQRPP1814A**

તંત્રીશ્રી, **વિકલાંગ મિત્ર**

મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,

મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨

viklangmitra@yahoo.com

viklangmitra@gmail.com

*નૂતન વર્ષાભિનંદન*



## દિવ્યાંગ રમતવીરો માટે રોકડ પુરસ્કાર યોજના

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા ખેલકૂદ નીતિ-૨૦૧૬ અંતર્ગત દિવ્યાંગ રમતવીરો માટે રોકડ પુરસ્કાર યોજના શરૂ કરવામાં આવી છે. જેનો અમલ નાણાંકીય વર્ષ-૨૦૧૬-૧૭થી કરવામાં આવશે. આ યોજનાની રૂપરેખા નીચે મુજબ છે.

**(૧) આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોમાં વિજેતા દિવ્યાંગ રમતવીરો માટે :-**

● **ઓલમ્પિક ગેમ્સ :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૫ કરોડ, રજત ચંદ્રક માટે રૂા. ૩ કરોડ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૨ કરોડ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

● **એશીયન ગેમ્સ :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૧ કરોડ, રજત ચંદ્રક માટે રૂા. ૧ કરોડ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૫૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

● **કોમનવેલ્થ ગેમ્સ (પેરા એથ્લેટીક્સ) :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૧કરોડ, રજત ચંદ્રક માટે રૂા. ૫૦ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૨૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

● **કોમનવેલ્થ ગેમ્સ (એશીયન ચેમ્પી.સિનિયર્સ) :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૫૦ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૩૦ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૨૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

● **કોમનવેલ્થ ગેમ્સ (એશીયન ચેમ્પી.જુનિયર્સ) :-** સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૨૫ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૧૫ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૧૦ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

**(૨) બ્લાઈન્ડ સ્પોર્ટસ(વિઝ્યુઅલી ઈમ્પેર્ડ), હીયરીંગ ઈમ્પેર્ડ, સ્પેશિયલ ઓલમ્પિક્સ સ્પોર્ટસ :-**

આઈબીએસએ, ડેફલીમ્પિક્સ, સ્પેશિયલ ઓલમ્પિક વર્લ્ડ ગેમ્સ (ઈન્યરનેશનલ મેન્ટલી ચેલેન્જ ખેલાડીઓ માટે)ની ઈન્વેટમાં દિવ્યાંગ રમતવીરોને સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૧૫ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૧૦ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૫ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ડબલ જેવી ઈન્વેટમાં અથવા બે ખેલાડીઓની ટીમમાં વિજેતા થનાર ખેલાડીને વ્યક્તિગત રોકડ પુરસ્કારની ૫૦ ટકા રકમ અને ટીમ ઈન્વેટમાં વ્યક્તિગત રોકડ પુરસ્કારની રકમના ૩૩ ટકા રકમ આપવામાં આવશે.

**(૩) નેશનલ સિનિયર્સ અને જુનિયર્સ ચેમ્પિયનશીપમાં વિજેતા દિવ્યાંગ ખેલાડીઓ માટે :-**

● **વ્યક્તિગત રમતો :-** પેરા સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૨ લાખ, રજત ચંદ્રક માટે રૂા. ૧ લાખ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૫૦ હજારક રોકડ પુરસ્કાર આપવામાં આવશે. વિઝ્યુઅલી ઈમ્પેર્ડ સ્પોર્ટસ, હીયરીંગ ઈમ્પેર્ડ સ્પોર્ટસ અને સ્પેશીયલ ઓલમ્પિક સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૩૦,૦૦૦, રજત ચંદ્રક માટે રૂા. ૨૦,૦૦૦ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૧૦,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

● **સાંઘિક રમતો :-** પેરા સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૫૦,૦૦૦, રજત ચંદ્રક માટે રૂા. ૨૫,૦૦૦ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૧૨,૫૦૦-૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. વિઝ્યુઅલી ઈમ્પેર્ડ સ્પોર્ટસ, હીયરીંગ ઈમ્પેર્ડ સ્પોર્ટસ અને સ્પેશીયલ ઓલમ્પિક સ્પોર્ટસમાં સુવર્ણ ચંદ્રક માટે રૂા. ૭,૫૦૦, રજત ચંદ્રક માટે રૂા. ૫,૦૦૦ અને કાંસ્ય ચંદ્રક માટે રૂા. ૩,૫૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

**(૪) રાજ્ય સરકારની નિવૃત્ત રમતવીરો માટે પેન્શન યોજના :-**

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષામાં નોંધપાત્ર ફાળો આપનાર ૫૦ વર્ષથી ઉપરના નિવૃત્ત ખેલાડીઓને કોઈપણ આવકની મર્યાદા મગર આજીવન પેન્શ માસિક રૂા. ૩,૦૦૦-૦૦ આપવામાં આવશે.

આ યોજનાની વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. ●

(અનુસંધાન પા.નં. : ૮ ઉપરથી...)

ખબર પડી કે તેઓ મોટર ન્યૂરોન ડિસિસથી પીડાય છે ત્યારે તેમને ખૂબ આઘાત લાગ્યો. જ્યારે તેઓ હોસ્પિટલમાં હતા ત્યારે તેમની બાજુના પલંગ પર એક બાળક હતું, જે લ્યુકેમિયાથી પીડાતું હતું અને અંતે તે એ બીમારીથી મરી ગયું. આ ઘટનાએ તેમના જીવનની દિશા જ બદલી નાખી. આ જોઈ તેમને લાગ્યું કે તેમની હાલત તો ઘણી સારી છે. તેમણે કેમ્બ્રિજ જઈને પોતાનો અભ્યાસ પૂરો કરવાનો નિર્ણય કર્યો. સંશોધન દરમિયાન જ તેમની સગાઈ જેન વાઈલ્ડ સાથે થઈ, જેથી તેમને જીવવાનું કારણ મળ્યું. ૧૯૭૪ સુધી તે પોતાની જાતે પથારીમાંથી ઊભા થઈ શકતા હતા, છતાં તકલીફ તો વધી રહી હતી. ૧૯૮૫માં ન્યૂમોનિયા થયા પછી તેમને ૨૪ કલાક ડૉક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા. અત્યારે તેઓ તેમની વ્હીલચેરમાં લગાવેલ વોઈસ સેન્સસર મશીન અને નાનાં કોમ્પ્યુટરની મદદથી વાતચીત કરે છે. તેમણે હાર ન માની અને કેમ્બ્રિજમાં ડિપાર્ટમેન્ટ ઑફ એપ્લાઈડ મેથેમેટિક્સ એન્ડ પ્યોરિટિકલ ફિઝીક્સમાં સુકાસિયન પ્રોફેસર ઑફ મેથેમેટિક્સનું પદ સંભાળ્યું.

**સતીશ ગુજરાલ :**

સતીશ ગુજરાલ જયારે ૧૩ વર્ષના હતા ત્યારે તેમની શ્રવણશક્તિ જતી રહી હતી. ૧૯૨૫માં પશ્ચિમી પંજાબમાં ઝેલમમાં જન્મેલા સતીશ ગુજરાલે દેશના ભાગલા ખૂબ નજીકથી જોયા, જ્યારે દેશના ભાગલા પડ્યા ત્યારે તેઓ જે જે સ્કૂલ ઑફ આર્ટ, મુંબઈમાં અભ્યાસ કરી રહ્યા હતા અને આ દુઃખ તેમણે વર્ષો સુધી પોતાનાં ચિત્રો દ્વારા વ્યક્ત કર્યું છે. તેમના કામમાં ક્યારેય તેમની શારીરિક ખામી આડી નથી આવી. લલિત કલા અકાદમીનો રાષ્ટ્રીય પુરસ્કાર, બેલ્જિયમ સરકારનો ઓર્ડર ઑફ ધ ક્રાઉન જેવાં સન્માન અને નેશનલ ગેલરી ઑફ મોર્ડન આર્ટ, મ્યુઝિયમ ઑફ મોર્ડન આર્ટ, ન્યુયોર્ક અને નેશનલ ગેલરી,વોશિંગ્ટનમાં પ્રદર્શિત તેમનાં ચિત્રો આની સાબિતી છે.

**લાન્સ આર્મસ્ટોંગ :**

૧૯૯૩માં ટુર ડે ફ્રાંસ સાઈકલ રેસ જીત્યા પછી લાન્સ આર્મસ્ટોંગનું કહેવું હતું કે જો મને કેન્સર અને ફ્રાન્સની ટુરમાંથી કોઈ એક પસંદ કરવાનું કહેવામાં આવે તો હું કેન્સર જ પસંદ કરું. કારણ કે તેનાથી મને જીવનમાં સંઘર્ષ કરવાની પ્રેરણા મળી છે.

લાન્સ પહેલી વખત ૧૩ વર્ષની ઉંમરે ટ્રાયથલીન જીત્યા અને ૧૬ વર્ષની ઉંમર સુધીમાં તો તે પ્રોફેશનલ ટ્રાયથલિટ બની ગયા. ત્યાર પછી તે અમેરિકાની ખ્યાતનામ સાઈકલિંગ ટીમ મોટોરોલાના સભ્ય બન્યા. તેમણે મોટોરોલાને અમેરિકાની પ્રમુખ પાંચ ટીમમાં પહોંચાડી દીધી. પછીનાં ત્રણ વર્ષમાં લાન્સની ગણાના અમેરિકાના નામાંકિત સાઈકલ રેસરોમાં થવા લાગી.

**અંજલિ અરોરા :**

તે વિકલાંગ લોકોનાં અધિકારની રક્ષા માટે હંમેશાં આગળ રહે છે કારણકે તે પોતે નેત્રહીન છે અને અંપગ લોકોની પરેશાની સારી રીતે સમજે છે. ૨૯ વર્ષનાં અંજલિ અરોરા છેલ્લા ચાર વર્ષથી સુપ્રિમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટમાં વકીલાત કરી રહ્યા છે. અંજલિ જ્યારે ૧૫ વર્ષની હતી ત્યારે તેની આંખની રોશની જતી રહી હતી. સખત તાવ પછી તેની આંખની કીકીમાં ડાઘ પડી ગયા અને કીકી બદલાવતી વખતે તે આંખની રોશની જ ખોઈ બેઠી. અભ્યાસ પર તેની અસર તો થઈ પરંતુ તેણે હાર ન માની. તેણે દિલ્હી વિશ્વવિદ્યાલયની જિસસ એન્ડ મેરી કૉલેજમાંથી પોલિટિકલ સાયન્સમાં ઓનર્સ કર્યું અને આખી યુનિવર્સિટિમાં ત્રીજો નંબર મેળવ્યો. પછી દિલ્હી યુનિવર્સિટિમાંથી જ લૉનો અભ્યાસ કર્યો. દિલ્હી હાઈકોર્ટમાં તેણે પહેલો કેસ લડ્યો. જેડીડીએનો એક રહેઠાણનો કેસ હતો. જોકે તે કેસમાં હાર મળી હતી, પરંતુ ડિવિઝન બેંચે તેમના કામની ખૂબ પ્રશંસા કરી. સુપ્રીમ કોર્ટમાં તે જે પહેલાં કેસ જીત્યાં તેના પરથી શારીરિક ખોડખાંપણવાળા લોકોને અધિકાર અપાવવાનો ભાવ જોવા મળે છે.

**રે ચાર્લ્સ :**

રે ચાર્લ્સ માત્ર અમેરિકાના રાષ્ટ્રીય જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય ગાયક તરીકે ઓળખાય છે. તેમના અવાજનો જાદુ બધાને આકર્ષે છે, પરંતુ ઘણા ઓછા લોકોને ખબર હશે કે આ મહાન ગાયકની કારકિર્દી ક્યારે અને કેવી રીતે શરૂ થઈ અને ક્યારે તે લાઈમલાઈટમાં આવ્યા.એરીથા અને બેલી રોબિન્સનના પ્રથમ પુત્ર રેનો જન્મ ૨૩ સપ્ટેમ્બર, ૧૯૩૦ના રોજ એલ્બનીમાં થયો. છ વર્ષની ઉંમરે તે ગ્લુકોમાની બીમારીને કારણે અંધ બન્યા. તેમનું બાળપણ ઘણી ગરીબીમાં વીત્યું. તેમણે સ્કુલમાં બ્રેઈલ લીપી શીખી. સ્કૂલમાં જ તેમને સંગીત પર ધ્યાન આપવાની તક મળી.

રે ગણિત અને સંગીત વચ્ચેનો તાલમેળને સમજ્યા. તે પંદર વર્ષના હતા ત્યારે જ તેમની માતાનું અવસાન થતાં તેમની પર મુસીબતોનો પહાડ તૂટી પડ્યો. સંજોગો એવા બન્યા કે કેટલાક સમય સુધી તેમને ડ્રગ્ઝની આદત પડી ગઈ હતી, પરંતુ બહુ ઝડપથી તેમણે પોતાની જાતને એમાંથી બહાર કાઢી અને સંગીતને પોતાનું જીવન બનાવવાનો દૃઢ નિશ્ચય કર્યો.

૧૯૪૭માં ૧૭ વર્ષની ઉંમરે લોસ એન્જલસમાં તેમનું પહેલું રેકોર્ડિંગ થયું. ત્યાબાદ તેમણે ક્યારેય પાછળ વળીને જોયું નહીં. ૧૯૬૦માં તેમનાં ત્રણ આલબમ-“ધ જિનિયસ ઑફ રે ચાર્લ્સ,” રે ચાર્લ્સ ઈન પર્સન” અને “ધ જિનિયસ હીટ ધ રોડ” રિલીઝ થયાં અને તેમનું સ્વપ્ન સાકાર થયું. ૭૦ના દાયકા સુધીમાં તે પ્રસિદ્ધ સંગીતકાર બન્યા અને ૧૯૬૧માં તેમનું પ્રથમ બેન્ડ બન્યું. રેએ જાઝ, ગોસ્પેલ, વેસ્ટર્ન જેવાં બધાં જ પ્રકારનાં ગીતો ગાયાં. રેએ પોતાના અંધત્ત્વને સ્વીકાર્યું, પરંતુ ત એનાથી ક્યારેય નિરાશ ન થયા. આજે પણ તે પોતાનું ૯૮ ટકા કામ જાતે કરે છે. ચાર્લ્સ પોતાનું રેકોર્ડિંગ પણ જાતે જ કરે છે, જે અંધ વ્યક્તિ માટે મુશ્કેલ જ નહીં, પરંતુ ઘણું કઠિન છે. ૧૯૮૬માં રેને “રૉક હોલ ઑફ ફેમ”માં સ્થાન મળ્યું. ૧૯૯૪માં તેમને ગ્રેમી એવોર્ડ મળ્યો. એટલે જ લોકો કહે છે કે ચાર્લ્સ જેવા લોકો વીરલા જ હોય છે.

**બ્રુસ વિલિસ :**

હોલીવુડના વિખ્યાત અભિનેતા બ્રુસ વિલિસના અભિનય અને ડાયલોગ ડિલિવરીના આજે ઘણા ચાહકો છે, પરંતુ ઘણા ઓછાને ખબર હશે કે તે બાળપણાં બોલતાં અચકાતો હતો. ૧૯ માર્ચ, ૧૯૫૫ના રોજ જર્મનીમાં જન્મેલા બ્રુસ લશ્કરના વાતાવરણમાં ઊછર્યો. તેણે એક સામાન્ય સ્કૂલમાં શિક્ષણ મેળવ્યું, પરંતુ બોલવામાં પડતી તકલીફને કારણે તે શરમાળ બન્યો. જો કે આ શરમાળ સ્વભાવ જ કંઈક કરવાની ઈચ્છાને કારણે ઝનૂનમાં ફેરવાયો અને પછી શરૂ થઈ એક સફળ અભિનેતાની યાત્રા.

આ યાત્રા દરમિયાન બ્રુસે ઘણી ચઢતી-પડતી જોઈ. શરૂઆતથી જ અભિનયના શોખે તેને આ નબળાઈ સામે લડવાનો ઉત્સાહ આપ્યો અને આજ ઈચ્છા તેને ન્યુયોર્ક ખેંચી લાવી. શરૂઆતના દિવસોમાં તેને ઘણો સંઘર્ષ કરવો પડ્યો. બ્રુસે હોટેલમાં બેરાથી માંડીને બિયરબારમાં પણ કામ કર્યું. ધીમે ધીમે તેને ફિલ્મોમાં નાના-નાના રોલ મળવા લાગ્યા. બ્રુસના અભિનયને જોઈને ૧૯૮૦માં ચેને “ધ ડેડલી સિન” નામની ફિલ્મ મળી. તેના માટે આ શરૂઆત હતી.

ત્યારબાદ તેણે જીવનમાં ક્યારેય પાછળ વળીને જોયું નથી. ૧૯૮૭માં તેની ટીવી સિરિયલ “મુનલાઈટ” ઘણી લોકપ્રિય બની અને તેના માટે તેને ગોલ્ડન ગ્લોબ અને એમી એવોર્ડ મળ્યા.

૧૯૯૯માં ફિલ્મ “ધ સીઝ” માટે તેને બ્લોક બસ્ટર એવોર્ડ મળ્યો. “ધ સિકસ્થ સેન્સ”, “ધ જકાલ” અને “ડાય હાર્ડ” જેવી ફિલ્મોમાં તેના અભિનયની ઘણી પ્રશંસા થઈ.

**નવીન ગુલિયા :**

રોમાંચક કારનામા કરવાના શોખીન, સ્કૂબા ડાઈવર, હેંગ ગ્લાઈડર, કમ્પ્યુટર વિઝાર્ડ અને મેરેથોન ડ્રાઈવર- આ યાદી હજુ ઘણી લાંબી છે. અટક્યા વગર હિમાલયમાં કાર ચલાવવા માટે લિમ્કા બુક ઑફ રેકોર્ડમાં પણ નવીનના નામનો સમાવેશ થયેલો છે. ગુડગાંવમાં રહેતા આ અદ્‌ભૂત વ્યક્તિત્વના માલિક નવીન ગુલિયા ૯૦ ટકા વિકલાંગ છે. તેમના પિતા અને મોટાભાઈ સૈન્યમાં હતા, આથી તેમણે પણ સૈન્યમાં જોડાવાનું નક્કી કર્યું. પુણેની રાષ્ટ્રીય સુરક્ષા એકેડમીમાં તાલીમ લીધા બાદ જ્યારે તેઓ સૈન્યમાં અધિકારી બનવાની અણી પર જ હતા ત્યાં એક વિઘ્ન દોડ દરમિયાન જરા અમથી ભૂલ થઈ અને બીજી જ ક્ષણે તો જિંદગી અને મોત વચ્ચે હોસ્પિટલમાં જંગ લડી રહ્યા હતા. હોસ્પિટલમાં જાણવા મળ્યું તે તેમની કરોડરજ્જુને ઈજા પહોંચી છે, જેની અસર તેમના હાથ અને પગ પર પડશે. તેઓ બે વર્ષ સુધી સૈનિક હોસ્પિટલમાં રહ્યા. પોતાની મજબૂત ઈચ્છાશક્તિના બળે નવીને અભ્યાસ ચાલુ રાખ્યો. ઈલાજ દરમિયાન કમ્પ્યુટર અભ્યાસક્રમમાં એડમિશન લીધું, જેમાં ૯૦ ટકા સાથે ઉત્તીર્ણ થયા. ૧૯૯૬માં વિકલાંગ સૈનિકો માટે એક કમ્પ્યુટર કેન્દ્ર ખોલ્યું. તેમને એવું થયું કે તેમની પાસે એક કાર હોવી જોઈએ જેને તે પોતે ચલાવી શકે. આથી તેમણે કારને પોતાની જરૂરિયાત અનુસાર ડિઝાઈન કરી. તેઓ દેશના પ્રથમ વિકલાંગ હતા જેમની પાસે કાર ચલાવવાનું લાઈસન્સ હતું. મનાલીથી માંડીને મહાબલીપુરમ્ સુધીનું અંતર નવીને પોતાની આ કાર દ્વારા કાપ્યું છે. સતત પંચાવન કલાક સુધી દુનિયાના સૌથી ઊંચા ધોરીમાર્ગવાળા વિસ્તાર મારસિમિક લા (૧૮૬૩૨ ફૂટ) સુધી ગાડી ચલાવવાનો વિક્રમ તેમના નામે છે. તેમણે તાલીમ દરમિયાન વિકલાંગ થયેલા સૈનિકોને પૂર્વ સૈનિકનો દરજ્જો અને લાભ મળે તે માટે પણ લડત ચલાવી હતી. ●

## દૂર છતાં પાસે

ઘરથી મંદિર બહુ દૂર છે.
એક કામ કરીએ –
પાસે છે કુટિર અંધ ભીખુની.
મળીએ એને હેતથી,
ને કરીએ અલકમલકની
બે વાતો.

✤ – શાંતિલાલ ગઢિયા

5 Decades of Excellence
Thionyl Chloride & Acid Chlorides

**Transpek**
Creative Chemistry

- Established in 1965
- Pioneer manufacturer of Thionyl Chloride & Acid Chlorides / Alkyl Chloride in India
- Segment we serve :

Polymers
Pharmaceuticals
Agrochemicals
Dyestuff
Surfactants
Plastics
Flavors & Fragrance

**Our Products :**

Thionyl chloride
Isophthaloyl chloride
Terephthaloyl chloride
n-Valeroyl chloride
4-Chlorobutyryl chloride
Octanoyl chloride
p-Nitrobenzoyl chloride
Neodecanoyl chloride
Propargyl chloride Solution
2,4,6-Trimethylbenzoyl chloride
2- Chloroethylamine hydrochloride sol.
2-Propoxyethyl chloride
Isononanoyl chloride
Pivaloyl chloride
2-Ethylhexanoyl chloride
Methoxyacetyl chloride

**Transpek Industry Limited**
Office: 6th Floor, Marble Arch, Race Course, Vadodara - 390 007, Gujarat, India
Works: At & Post: Ekalbara, Taluka: Padra, Dist: Vadodara - 391 440, Gujarat, India
Tel: +91-2662-244444 | Fax: +91-2662-244439
Email: inquiry@transpek.com | www.transpek.com



Greenbelt of 35000 trees



Manufacturing plant



Rain water harvesting



ISO Tank station

# આવા લોકો હોય છે વીરલા

**ટોમ ક્રૂઝ :**

હોલીવુડના જાણીતા અભિનેતા ટોમ ક્રૂઝને આપણે બધાં સારી રીતે ઓળખીએ છીએ. તેના આકર્ષક ચહેરા અને એક્શનના લાખો લોકો દીવાના છે, પરંતુ કેટલા લોકો એ જાણે છે કે હોલીવુડના જાણીતા એક્શન અભિનેતાની જિંદાદિલી પાછળ એક દર્દનાક સચ્ચાઈ પણ છુપાયેલી છે. ૩ જુલાઈ ૧૯૬૨ના રોજ જન્મેલા ટોમ ક્રૂઝને સ્કુલમાં જ એ હકીકતનો સામનો કરવો પડ્યો હતો કે તે સામાન્ય બાળક જેવો નથી. તે ડિસલેક્સિક નામની બીમારીથી પીડાય છે. આ બીમારીથી પીડાતી વ્યક્તિની યાદશક્તિ ખૂબ ઓછી થઈ જાય છે. તે અભ્યાસમાં પાછળ પડતો ગયો અને તેનામાં દુ:ખી અને ગુમસુમ રહેવાની ભાવના વધવા લાગી, પરંતુ તે આ બીમારી સામે ઝૂકવા નહોતો માગતો. તેથી તેણે નક્કી કર્યું કે તે પોતાની આ નબળાઈ સામે લજશે. ૧૮ વર્ષની ઉંમરે તે ફિલ્મોમાં પોતાનું નસીબ અજમાવવા માટે ન્યૂયોર્ક ગયો. ત્યારથી લઈને આજ સુધી તેણે પાછળ ફરીને નથી જોયું. ટોપગન (૧૯૮૬), રેન મેન (૧૯૮૮), બોર્ન ઑન ધ ફોર્થ ઑફ જુલાઈ (૧૯૮૯) જેવી સુપરહીટ ફિલ્મોએ તેને ઊંચા મુકામે પહોંચાડ્યો. ૧૯૯૦માં તેને ગોલ્ડન ગોલ્ડ એવોર્ડ મળ્યો. ૨૦૦૦માં ફરી પાછો ફિલ્મ મેગાનોલિયા માટે સર્વશ્રેષ્ઠ સહઅભિનેતાનો એવોર્ડ મળ્યો.

**ડેવિડ બ્લેન્કેટ :**

ઈંગ્લેન્ડના ગૃહ સચિવ ડેવિડ બ્લેન્કેટે ખૂબ જ ઓછા સમયમાં પોતાની યોગ્યતા અને કાર્યક્ષમતાથી રાજકારણમાં એક મહત્વપૂર્ણ સ્થાન બનાવ્યું છે. તેઓ સામાન્ય માણસની જેમ જોઈ નથી શકતા. જૂન ૧૯૪૭માં જન્મેલા ડેવિડ નાનપણથી જ નેત્રહીન છે, પરંતુ તેઓ નાનપણથી જ ખૂબ તેજસ્વી હતા. તેમણે ૧૬ વર્ષની ઉંમરે લેબર પાર્ટી જોઈન્ટ કરીને રાજકારણમાં ઝંપાલાવ્યું હતું. ૧૯૭૦માં તેઓ સિફિલ્ડ સિટિ કાઉન્સિલના પદ માટે ચૂંટણીમાં ઊભા રહ્યા અને જીત્યા પણ ખરા. ૧૯૮૩માં તેઓ નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય બન્યા અને એક વર્ષની અંદર જ તેના ચેરમેન બની ગયા અને (૧૯૮૭)માં તેઓ સિફિલ્ડ બ્રાઈટ સાઈડની સીટ પર સંસદ માટે નિયુક્ત થયા. મે ૯૧૯૭ની ચૂટણીમાં લેબર પાર્ટીની સરકાર આવી, જેમાં તેઓ રોજગાર અને શિક્ષણ સચિવ બન્યા. ૨૦૧૧માં તેમને પ્રધાનમંત્રી ટૉની બ્લેરે ગૃહ સચિવના પદ પર નિયુક્ત કર્યા. બ્રિટનમાં તેઓ પોતાના ગાઈડ ડૉગ્સને કારણે ખૂબ જાણીતા છે.

**કેતના મહેતા :**

૧૨ ફેબ્રઆરી ૧૯૯૫ પહેલાં કેતના મહેતા એક સામાન્ય મહિલાનું જીવન જીવતી હતી. પોતાની ફર્મ યુબિક કન્સલટન્ટનું કામ સારી રીતે સંભાળતી હતી, પરંતુ રોમાંચક રમતોની શોખીન કેતનાને એવો ખ્યાલ પણ નહોતો કે એક દિવસ તેનો શોખ આટલો ઘાતક સાબિત થઈ શકે છે. ૧૨ ફેબ્રઆરીએ જ્યારે તેણે પેરાગ્લાઈડરમાં ઉડાન ભરી ત્યારે થોડી ઊંચાઈએ પહોંચતા જ તે સમતોલન ગુમાવી બેઠી. આ દુર્ઘટનામાં તેના શરીરનો નીચેનો ભાગ સંવેદહીન બની ગયો. ડૉક્ટરોના જણાવ્યા અનુસાર આ સ્થિતિ પેરાલેગિયા કહેવાય છે, જેમાં કેટલીક નસ ફાટી જવાને કારણે કે દબાઈ જવાને કારણે શરીરનો કેટલોક ભાગ નિષ્ક્રિય થઈ જાય છે અને દર્દીને વ્હીલચેરનો આશરો લેવો પડે છે. કેતનાને આ રીતે જિંદગી સાથે સમાધાન કરવાનું મંજૂર નહોતું. તેણે મિત્રોના પ્રત્સાહન અને પોતાની ઈચ્છાશક્તિથી પોતાની લડાઈ શરૂ કરી અને થોડા જ મહિનામાં તેની અસર દેખાવા લાગી. જે મહિલા ખુરશીમાંથી ઊભી નહોતી થઈ શકતી, તે આજે પોતાની ઈચ્છાશક્તિથી ચાલવા લાગી અને આ જોશના સહારે તે ફરી કામ પર જવા લાગી. તેણે વન વર્લ્ડ - વાઈસ ઑફ પેરાલાજિક્સની પણ શરૂઆત કરી, જેમાં તેણે આ બીમારીનાં પાસાં રજૂ કર્યાં. આજે તે વધારે સારું જીવન જીવી રહી છે. તેમનું માનવું છે કે બધું આપણી વિચારસરણી પર જ આધાર રાખે છે.

**ક્રિસ્ટોફર રીવ :**

એક ઘોડેસવારીની સ્પર્ધા દરમિયાન ત્રીજી છલાંગ મારતી વખતે તેઓ ઘોડા પરથી ઊંધા મોઢે પડ્યા, જેમાં તેમની ગરદન અને કરોડરજ્જુ તૂટી ગયાં. તે કારણે હાલવા-ચાલવાનું ને શ્વાસ લેવાનું પણ મુશ્કેલ થઈ ગયું. આવી વિષમ પરિસ્થિતિમાં રીવે ફક્ત પોતાના અને પોતાના પરિવાર માટે જ સંઘર્ષ ન કર્યો, પરંતુ અમેરિકા અને તેની બહાર સ્પાઈનલ કોર્ડ ઈન્જરીથી પરેશાન દર્દીઓનાં જીવનને નવી દિશા આપી.તેમણે સ્ટિલમી નામનું એક પુસ્તક પણ લખ્યું છે, જેમાં તેમના જીવનની કરૂણતા અને સાહસ વિશેની ઘટનાઓ છે. એચ.બી.ઓ. માટે તેમના દ્વારા નિર્દેશિત એક ફિલ્મ ''ઈન ધ ગ્લેમિંગ''નું એમી પુરસ્કાર માટે નોમિનેશન કરવામાં માટે પણ તેઓ કામ કરી રહ્યા છે.

**સ્ટીફન હોકિંગ :**

સ્ટીફન હોકિંગનો જન્મ ૮ જાન્યુઆરી ૧૯૪૨ના રોજ ઑક્સફોર્ડમાં થયો હતો. આ પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનું ઉપરના ભાગ સિવાય આખું શરીર નિષ્ક્રિય હોવા છતાં વિજ્ઞાનમાં તેમનું યોગદાન ઘણું છે. તેઓ એક બાબતે પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ગેલીલિયો કરતાં આગળ છે. જ્યારે તેઓ કેમ્બ્રિજમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે તેમના શરીરની નિષ્ક્રિયતા વધી ગઈ. થોડા દિવસોમાં તો આ પરેશાની ખૂબ વધી ગઈ. જ્યારે તેમને

(અનુસંધાન પા.નં. : ૫ ઉપર)

અંકના સૌજન્ય દાતાશ્રી : ગીતાબેન એસ. મહેતા પરિવાર - મુંબઈ

Book-Post Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2018

From :

તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર
મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,
મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨
viklangmitra@yahoo.com
www.viklangmitra.org

To.

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA